# બેંકમાં પડી રહેલા રૂપિયા કાંકરા સમાન છે, તેનો સદ્ઉપયોગ કરો : ડો. કિરણ પટેલ



**ગ્લોબલ ગુર્જરી**

પૂર્વી અપૂર્વ શાહ



ઝામ્બિયાનાં નાનકડા ગામમાં મધ્યમવર્ગ કુટુંબમાં ઉછરેલા કિરણ પટેલે અમેરિકા જઇને મહેનતથી પ્રગતિ કરી. તેમની મહેનત રંગ લાવી અને આજે તેઓની ગણતરી રીચેસ્ટ વ્યક્તિઓમાં થાય છે. ફ્લોરીડામાં મોટુ આલીશાન હાઉસ, અનેક પ્રાઈવેટ જેટ પ્લેન ધરાવનાર કિરણ પટેલ ધનવાન છે એટલા જ દિલથી ઉદાર પણ છે. તે ટેમ્પાના સૌથી જાણીતા દાતા પણ છે. તેમણે ત્યાં મોટા દાન આપીને અનેક હોસ્પિટલો, સ્કુલ, કોલેજ અને સંસ્થાઓ સ્થાપી છે. તેમના નામ પાછળ ટેમ્પાના કેટલીય જાણીતી સંસ્થાઓનાં નામ પણ રાખવામાં આવ્યા છે. ફ્લોરીડામાં તેમણે 240 મિલિયન ડોલરનુ ડોનેશન આર્ટ, એજ્યુકેશન અને હેલ્થકેર માટે આપેલું છે. તેઓ માત્ર દાન આપીને છુટી નથી જતા પરંતુ જે તે સંસ્થાઓને પોતાના વિઝનથી આકાર પણ આપે છે. તે વ્યક્તિગત રીતે સંસ્થાની જાળવણી કરે છે અને તેના વિકાસને ગતિ આપે છે. આ ઉપરાંત તેઓ દર વરસે ભારત આવીને અનેક સંસ્થાઓની પ્રગતિમાં પણ ફાળો આપે છે. અનાથ બાળકોને સ્પોન્સર કરીને યુએસએનાં ક્રોસ કલ્ચરલ પ્રોગ્રામમાં ભાગ લેવા મોકલે છે અને અનેક ગરીબ બાળકોને સ્કોલરશીપ આપે છે. તેમણે ભારતમાં પણ હોસ્પીટલ, કોલેજ, સ્કુલો ચાલુ કરી છે. તે ફક્ત તેમની કર્મભૂમી અમેરીકામાં જ નહી પરંતુ તેમની જન્મભૂમિ આફ્રિકા અને માતૃભૂમિ ભારતમાં પણ ખુલ્લા દિલે દાન આપે છે. તેઓ હ્યુમન ઈનવેસ્ટમેન્ટમાં માને છે. તેઓ હાલમાં અમદાવાદની મુલાકાતે આવ્યા ત્યારે તેમની સાથે કરેલી વાતચીતઃ

કિરણ પટેલ તેમની વાત માંડતા કહે છે કે, 'નાનો હતો ત્યારે સ્કુલમા જ્યારે બીજાને ચોકલેટ અને સોડા પાછળ પૈસા ખર્ચતા જોતો ત્યારે મને એ બગાડ લાગતો. હું મારા પોકેટમની બચાવીને પીગી બેંકમાં મૂકતો. અને એ પીગીબેંકમાં પૈસા ભેગા કરીને મેં ૧૨ વર્ષની ઉમંરમાં મેં મારી ઝામ્બિયાથી ભારત સુધીની આખા કુટુંબની ટિકિટ ખરીદી હતી. પટેલ અમદાવાદમાં મેડીસીન ભણ્યા અને તેમના પત્ની પલ્લવી તેમની સાથે ભણતા હતા. તેઓ બંને ભણ્યા બાદ લગ્ન કરી ઝામ્બિયા ગયા. ૧૯૭૬માં તેઓ યુએસએ પોસ્ટ ગ્રેજ્યુએશન કરવા ગયા. કિરણભાઈ કાર્ડીયોલોજીસ્ટ થયા અને પલ્લવી પીડ્યાટ્રીશ્યન બન્યા. આ ભણતર બાદ તેઓએ ટેમ્પા, ફ્લોરીડામા પ્રેક્ટીસ શરૂ કરી. ત્યારબાદ આ તબીબ દંપતિએ પાછુ વળીને ક્યારેય જોયું નથી.

**અમેરિકાનું સૌથી મોટું ઘર**

હજારો ફુટમાં બનાવેલ આ પટેલ દંપતિનાં ઘરને ફ્લોરીડાનુ લાર્જેસ્ટ સીંગલ ફેમિલિ હોમ ગણવામાં આવે છે. પટેલનું આ ઘર તાજ મહેલ અને સીઝરપેલેસનુ કોમ્બીનેશન છે. આ એસ્ટેટને બનાવતા સાત વરસ જેટલો લાગ્યા હતો. આ ઘરમાં તેઓએ ભારતીય સંસ્કૃતિની છાપ જળવાઈ રહે તેવો પ્રયત્ન કર્યો છે. રાજેસ્થાનથી લાલ પથ્થર મંગાવ્યા હતા અને સેંકડો વર્ષ જૂની કોતરણી પણ આ ઘરમાં જોવા મળે છે. ઘર અંદરથી અમેરીકન અને મોર્ડન છે. પણ આ ઘરની ખાસિયત એ છે કે પટેલ ફેમેલીના ત્રણેય બાળકો પરણીને તેમના ફેમેલી સાથે આ ઘરમાં જ સંયુક્ત કુટુંબમાં રહે છે. અનેક બેડરૂમ અને લીવીંગ રૂમ પણ છે. આ ઘરમાં કીચન તો કોમન જ રાખવામાં આવ્યું છે. જેથી તેઓ બધા એકબીજાને મળી શકાય. આ ઘરની બીજી ખાસિયત એ છે કે તેના બગીચાનાં દરેક વૃક્ષ પર કિરણ પટેલે તેમનાં મિત્રોનાં નામ લખાવ્યા છે.

**પૈસા હોવા છતાં તેને બેંકમાં જ મૂકી રાખો તો તે કાંકરા બરાબર છે**

કિરણ પટેલ માને છે કે પૈસા હોવા અને એને બેંકમાં જ મૂકી રાખો તો તે કાંકરા બરાબર છે. એનો સદઉપયોગ કરો તો જ એનું મૂલ્ય જળવાય. નાનપણથી બાપૂજીએ શીખવેલુ કે લોકો કે કોઈ પણ વ્યક્તિ માટે આપણાંથી બને તેટલું સારું કરવું. જો તમે કોઈનું સારું ના કરી શકો તો કંઇ નહીં પરંતુ કોઈનું ખરાબ તો કદી ના કરવું. આ જ ફિલોસોફી મેં અપનાવી છે. હું આજે જ્યાં પહોંચ્યો છું ત્યાં એટલા માટે જ છું તે મારા બાપુજીએ મને એવું શિક્ષણ આપેલું, મારી બીજી ફીલોસોફી એવી પણ હતી કે ભણતરની સાથે સાથે ગણતર પણ હોવું જોઈએ.

## અમેરિકામાં લાખો ડોલરનું દાન આપીને જાણીતાં બનેલાં ડોક્ટર દંપતિ સાથે ખાસ વાતચીત

એટલે આપણાં ઉછેરની બધી ક્રેડિટ આપણને સંસ્કાર આપેલા હોય તેવા વાલી, વડીલો અને શિક્ષકોને જાય છે. બાકી ભગવાનની ઈચ્છા કે જે કંઈ મહેનત કરી એનુ ફળ મને તો મળ્યું જ છે. બસ આ ફળને અમે દુનિયા સાથે શેર કરીએ છીએ.

અમારું પ્રાઈમરી ફોકસ શિક્ષણનું છે અનાથી જીંદગી સુધરે છે. તમે એક કુટુંબને તારો તો તેઓ બીજા પાંચ કુટુંબને આગળ લાવશે, શિક્ષણ બાદ અમારું બીજુ ધ્યેય સ્વાસ્થ્ય છે. જે વ્યક્તિ તંદુરસ્ત હોય અને સાથે સાથે ભણેલો હોય તો તે આખી દુનિયા જીતી શકે. એટલે આ બે વસ્તુઓ અમારી અગ્રતામાં છે. મારા બાપૂજીની ઈચ્છા હતી અમે ભારતમાં હોસ્પીટલ ઉભી કરીએ. આ ઉપરાંત અમે દેશમાં શાળા પણ બનાવી. જેના પરિણામો જોતા અમને ખુબ સંતોષ થયો. આ શાળાનાં લીધે આજુબાજુનાં બાળકો કે જે શિક્ષણની વંચિત રહેતા હતા તેને સારું શિક્ષણ મળતું થયું. તેઓ ભણવા લાગ્યા અને તેમાંથી કેટલાય ડોક્ટર અને એન્જિનિયર બન્યા. લાગે છે કે આપણે ખર્ચેલા રૂપિયા બમણાં થયા છે. જો આ રૂપિયા ખાલી બેંકમાં પડ્યા હોય તો તેનો કોઈ અર્થ ના સરે. તેનો યોગ્ય ઉપયોગ કરીએ તો કેટલાય લોકોની જીંદગી તેનાથી સુધરી શકે.

ડો. પટેલ તેમની દાનની ફિલોસોફીની વાત કરતા કહે છે કે, હાલમાં અમે મેડીકલ કોલેજ બનાવા માટે જે ડોનેશન આપ્યું છે તે કોલેજ દર વર્ષે ૩૫૦ ડોકટરો તૈયાર કરશે. આગળ જતા આ સંખ્યા વધશે અને પાંચસોથી સાતસો ડોક્ટરો તૈયાર થશે. એટલે વિચારો કે દર વરસે કેટલા ડોકટરો કોલેજમાં તૈયાર થશે. આટલા બધા ડોક્ટરો દુનિયામાં હકારાત્મક અસર ઉભી કરશે. આ ડોક્ટરો થકી સારા થનાર દર્દીઓ કેટલા બધા હશે. આ એવો પ્રભાવ છે કે જે કોઈ સંપત્તીથી ખરીદી ના શકાય. એટલે આપણે શિક્ષણમાં રોકણ કર્યું તેનો ફાયદો ખૂબ મોટો છે. ભણતર પાછળ જે રોકાણ છે તે અમૂલ્ય છે. કેમ કે એનુ જે રિટર્ન આવવાનું છે એને કોઈ રીતે માપી ના શકાય તેવું છે. પૈસા એક, બે કે ત્રણ પેઢી સુધી ટકે અને તે કેવી રીતે ખર્ચાશે તે કોઇ ગેરંટી નથી. મેં મારા બાળકોને પગભર કર્યા છે અને તેઓ જાતે સફળ થાય તેવા બનાવ્યા છે. એમને મારા પૈસાની કોઈ જરુરત નથી. જ્યારે મારા બાળકો મોટો થયા ત્યારે તેમને હું મોંઘી દાટ કાર અપાવી શક્યો હોત. પરંતુ મેં મારા પુત્રને સેકન્ડ હેન્ડ કાર જ આપેલી. એક વાર મારા દિકરાએ મને પૂછ્યુ કે "આર વી રીચ, ત્યારે મે જવાબ આપ્યો કે આપ્યો કે, આઈ મે બી રીચ, બટ નોટ યુ"

ગામડામાં સંયુક્ત કુટુંબની જે ભાવના છે એ મને પસંદ છે. સંયુક્ત કુટુંબમાં રહેવાના બે કારણો હોય છે. એક તો લાગણી અને બીજુ જરૂરિયાત. મેં મોટું ઘર બનાવ્યું ત્યારે મારા સંતાનોને પુછ્યું હતું કે જો તમે સાથે રહેવાના હોય તો આવડુ મોટું ઘર બનાવું. ગુજરાતમાં ધરતીકંપ બાદ ડો. પટેલે ચાર હોસ્પીટલ ફરીથી બનાવી હતી. બીજી ૧૦ હોસ્પીટલને બનાવવા માટે તેઓ કાર્યરત છે. તેમણે તેમના વતન મોટા ફોફળિયામાં પણ બે હોસ્પીટલ બનાવી છે. ધરતીકંપ બાદ તેમણે આ ગામમાં નવનિર્માણ કરેલું અને તે વખતે તેઓ આશ્રયની સાથે સાથે રોજના ૫૦,૦૦૦ બાળકો ને ખાવાનું પુરુ પાડતા હતા. પટેલ યુવાનોને એક મેસેજ આપે છે કે, ઓલ્વેઝ બી ગ્રાઉન્ડેડ, હાર્ડવર્ક, પરસીસટન્સ, પરસીવરન્સ, અને પેશન ને કમ્બાઈન કરો, તો સફળતા જરૂર મળશે.

વોટ કીપ્સ યુ ગોઈંગ ના જવાબમાં ડો.પલ્લવી પટેલ જણાવે છે કે ઉંમર બાબતે અમે વિચારતા જ નથી. ઉંમર ફક્ત નંબર છે. જો તમે તમારા પેશનમાં ઈન્વોલ્વ રહેશો તો તમે ચાહો ત્યાં સુધી કામ કરી શકશો. ઘણીવાર લોકો ઘરડા હોવાની લાગણી ધરાવતા હોય છે પરંતુ એવી લાગણી મનમાં લાવવી જ નહીં. જે કામ કરો તો દિલથી કરો. બાળકોને ભણતર આપીને તમે જે ક્રિએટ અને પ્રોડ્યુસ કરો ચો તે ખરેખર અદભૂત છે. આની સાથે બધાને ક્વોલીટી લાઈફ મળી રહે તે દિશામાં પ્રયત્નો કરવાનું મોટિવેશન પણ મળે છે. કિરણની કાઈન્ડનેસ, કમ્પેશન, વિઝન અને લોકો માટે કરી છુટવાની જે ભાવના છે ખૂબ જ અલભ્ય છે.

**Title:** Money in bank is similar to gravel, make good use of it: Dr Kiran Patel
**Source:** Nav Gujarat Samay (Ravivaar Samay, pg no. 10)
**Link:** http://epaper.navgujaratsamay.com//imageview_17349_27278_4_71_03-02-2019_10_i_1_sf.html
http://epaper.navgujaratsamay.com//indexnext.php?mod=1&pgnum=10&edcode=71&pagedate=2019-2-3&type=a
**Date:** 03-02-2019